
ગુજરાતમિત્ર
# શો ટાઈમ
ગુરુવાર ૧૬ એપ્રિલ, ૨૦૨૬




ફિરોઝ ખાને ચેન્નઈના દરિયાને મુંબઈ લાવવાની જીદ કરી Pg.2




સેટ પર સારાની સૌથી ફેવરિટ વસ્તુ કઈ છે? Pg.4

# ‘ખાન’દાન થયું કેઝ્યુઅલ | ‘સિંઘ’ ઇસ કિંગ તો ‘કપૂર’ બતાવે ‘કૌશલ’

**ખાન ત્રિપુટીને ‘લાર્જર ધેન લાઈફ’ પાત્રો ભજવવાને કારણે સ્ટારડમ મળી ગયું હતું. પરંતુ હવે દર્શકો ફિલ્મમાં અભિનય અને મજબૂત સ્ક્રિપ્ટને વધારે પ્રાધાન્ય આપે છે અને એટલે જ સલમાન ખાન, શાહરૂખ ખાન અને આમીર ખાન હવે સફળ થતા નથી**


બે દાયકા પહેલા આપણે જ્યારે બોલિવૂડ વિશે વિચાર કરતા તો આપણા મનમાં મોટાભાગે ત્રણ નામ જ પહેલા આવતા આમિર ખાન, શાહરૂખ ખાન,અને સલમાન ખાન. આ ત્રણેય અભિનેતાઓએ બોલિવૂડ પર ઘણા વર્ષો સુધી રાજ કર્યું. કોઈ પણ ફિલ્મ હોય, જો તેમાં સલમાન ખાન, શાહરૂખ ખાન કે આમિર ખાન હોય તો ફિલ્મ ચોક્કસ સફળ થશે એમ માનવામાં આવતું હતું. લોકો તેમની ફિલ્મોના, તેમની એક ઝલકના દીવાના હતા. તેમના અભિનય પાછળ લોકો ફિદા હતા અને એમના ભજવેલા પાત્રો તેમના ચાહકો માટે જીવંત હતા. પરંતુ, હવે સમય બદલાયો છે. શાહરૂખ, સલમાન અને આમિરના ચમકતા સિતારા હવે ધીરે ધીરે ઝાંખા થઈ ગયા છે.

કિંગ ખાન તરીકે જાણીતા શાહરૂખ ખાન તેણે કરેલી ફિલ્મ્સ દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે, કભી ખુશી કભી ગમ, મોહબ્બતે, કુછ કુછ હોતા હૈ ના રોમેન્ટિક પાત્રો માટે જાણીતો છે. તેની છેલ્લી ફિલ્મ ડંકી, પઠાન અને જવાન ૨૦૨૩ માં રીલીઝ થઈ હતી. બોલિવૂડના ‘ભાઈ’ તરીકે જાણીતા સલમાન ખાનનો ઘણો મોટો ચાહક વર્ગ છે. તે એક્શન મુવીઝ અને રોમેન્ટિક કોમેડી મુવી માટે જાણીતો છે. તેણે કરેલી બ્લોકબસ્ટર ફિલ્મોમાં બજરંગી ભાઈજાન, એક થા ટાઈગર, દબંગ, રેડી જેવી ફિલ્મોની ગણના થાય છે. હવે, આમીર ખાનની વાત કરીએ, તો તે બોલિવૂડના પર્ફેક્શનીસ્ટ તરીકે જાણીતો છે. તેણે કરેલી ફિદા, તારે ઝમીન પર, થ્રી ઈડિયટ્સ, લગાન, દંગલ સુપર હિટ રહી હતી. ૧૯૮૦ના દાયકાના અંત અને ૧૯૯૦ ના દાયકાની શરૂઆતમાં બોલિવૂડ પર આ ખાન ત્રિપુટીએ પોતાનું સમાન પ્રભુત્વ જાળવી રાખ્યું હતું. એટલું જ નથી ત્યાર બાદ પણ ઘણા વર્ષો સુધી તેમની એક્ટિંગનો જાદુ ચાલતો રહ્યો અને ઘણા ડિરેક્ટર્સ માટે તેઓ સફળતાની ચાવી બની ગયા. પરંતુ હવે ધીરે ધીરે ખાનનો જાદુ ઓછો થયો છે. શાહરૂખ ખાનની છેલ્લી ફિલ્મ ૨૦૨૩ માં આવી હતી અને ત્યાર પછી તેની એક પણ ફિલ્મ રીલીઝ થઈ નથી. સલમાન ખાનનું પણ કૈક એવું જ છે. તેની છેલ્લી રીલીઝ થયેલી ફિલ્મ સિકંદર હતી જે ૨૦૨૫ માં રીલીઝ થઈ હતી અને તે બોક્સ ઓફીસ પર સફળ રહી ન હતી. આમીર ખાનની છેલ્લી ફિલ્મ સિતારે ઝમીન પર ૨૦૨૫ માં આવી હતી, તે ઉપરાંત તેની ૨૦૨૨ માં આવેલી લાલસિંઘ ચડ્ડા પણ સંપૂર્ણ રીતે ફ્લોપ રહી હતી. આમ, ત્રણેય ખાન હવે ધીમે ધીમે બોલિવૂડના આકાશમાંથી ખોવાતા જાય છે અને નવી જનરેશન છવાય રહી છે. તેની પાછળનું કારણ એ છે કે હવે દર્શકોને ફક્ત સુપર સ્ટારને જોવામાં રસ નથી. તેમને મજબૂત વાર્તા, દમદાર પરફોર્મન્સ અને નવીનતા જોઈએ છે. એવી ઘણી ફિલ્મો છે જેમાં મોટી સ્ટાર કાસ્ટ ન હોવા છતાં ફિલ્મ ખુબ જ ચાલી હોય. આમ લોકો થીયેટરમાં જઈને પૈસા ખર્ચીને ફક્ત સ્ટારને જોઈને ખુશ થઈ જાય અને ફિલ્મ ને હીટ બનાવી દે એવું હવે રહ્યું નથી. આ પરિવર્તન આજના નવા એક્ટર્સ લાવી રહ્યા છે.






બોલિવૂડના આકાશમાં ત્રણ નવા અભિનેતાઓ પોતાનો દબદબો બનાવી રહ્યા છે. તે છે રણવીર સિંઘ, રણબીર કપૂર અને વિકી કૌશલ. નોન ફિલ્મી બેકગ્રાઉન્ડ માંથી આવેલા રણવીર સિંઘની પહેલી ફિલ્મ બેન્ડ બાજા બારાત હતી અને ત્યાર પછી લુટેરે અને ગુંડે જેવી ફિલ્મો મેળવીને તેણે તેની સફળતાની ગાડી શરૂ કરી. એક તરફ બાજીરાવ મસ્તાનીમાં શૌર્ય અને પ્રેમથી ભરપુર બજીરાવનું પાત્ર, તો બીજી બાજુ પદમાવતમાં નિષ્ઠુર અને જંગલી ખીલજીનું પાત્ર બંનેને રણવીરે ઘણી સહજતાથી નિભાવ્યું છે. બાજીરાવ માટે આપણને કરુણા જગાડવામાં અને ખીલજી માટે તિરસ્કાર ઉભો કરવામાં તે સફળ થાય છે તે એક અનપ્રીડીકટેબલ એકટર છે જે કોઈ પણ પાત્રમાં ઢળી જાય છે. રણવીર સિંઘએ ગોલિયોં કી રાસલીલાઃ રામલીલા, રોકી ઓર રાની કી પ્રેમ કહાની, ગલી બોય અને ૮૩ જેવી ઘણી સફળ ફિલ્મો આપી છે. રણબીર કપૂરની વાત કરીએ તો તેણે અભિનયમાં કારકિર્દીની શરૂઆત સંજય લીલા ભણસાળીની ફિલ્મ સાંવરિયાથી કરી હતી. તે એવી ફિલ્મો પસંદ કરે છે જે કોમર્શીયલ હોય અને મજબૂત પાત્રો ધરાવતી હોય જેમકે સંજુ, બ્રહ્માસ્ત્ર, યે જવાની હે દીવાની, એનિમલ અને રોકસ્ટાર. દરેક ફિલ્મમાં તેનું પાત્ર એકદમ અલગ અને સશક્ત. તેનો મજબૂત અભિનય રોમેન્ટિક અને લાગણીશીલ પાત્રોને સ્ક્રીન પર જીવંત બનાવે છે. કોણ વિચારી શકે કે જે પાત્ર પાસે આખી ફિલ્મ બરફીમાં બોલવા માટે એક પણ ડાયલોગ નથી તે ફક્ત અભિનયના જોરે ફિલ્મને સફળતા અપાવશે! વિકી કૌશલે એકદમ નવો જ રસ્તો કંડાર્યો છે. બોલિવૂડમાં સૌથી વધારે ગ્રાઉન્ડેડ અને રીલાયેબલ એક્ટર હોય તો તે વિકી કૌશલ છે. પહેલી જ ફિલ્મ મસાનમાં અભિનય માટે તેને IIFA એવોર્ડ મળ્યો હતો . ત્યાર બાદ રાઝી અને સંજુમાં પણ તેના અભિનયની પ્રસંશા થઈ હતી. મનમરઝીયાં અને સેમ બહાદુરથી તેને લીડ રોલ મળવા લાગ્યા અને ઉરી અને છાવા ફિલ્મથી તો તે બોલિવૂડમાં છવાઈ ગયો. વિક્કી સીરીયસ અને કોમેડી એમ બંને પ્રકારની ફિલ્મમાં સુટ કરે છે અને ડિરેક્ટર્સ માટે તે એક રીલાયેબલ એક્ટર છે કે જેના અભિનયના દમ પર તે પોતાની આખી ફિલ્મનો દારોમદાર મૂકી શકે.



ખાન ત્રિપુટીને ‘લાર્જર ધેન લાઈફ’ પાત્રો ભજવવાને કારણે સ્ટારડમ મળી ગયું હતું. પરંતુ હવે દર્શકો ફિલ્મમાં અભિનય અને મજબૂત સ્ક્રીપ્ટને વધારે પ્રાધાન્ય આપે છે અને એટલે જ સલમાન ખાન, શાહરૂખ ખાન અને આમીર ખાન હવે સફળ થતા નથી. આ ઉપરાંત, ખાન ત્રિપુટીની નેક્સ્ટ જનરેશન પણ હજી એટલી સફળ થઈ નથી. શાહરૂખ ખાનના દીકરા આર્યન ખાને ડીરેક્શનમાં ઝંપલાવ્યું છે, તો આમીર ખાન ના દીકરા જુનેદ ખાનને પણ એક્ટીંગમાં હજી કોઈ સફળતા મળી નથી. સલમાન ખાન પછી તેના પરિવારમાંથી હજી સુધી કોઈ પ્રોમિસિંગ એક્ટર આવ્યો નથી. આમ, જોઈએ તો બોલિવૂડમાં ખાન યુગ મહદઅંશે રહ્યો નથી અને તેમની જગ્યા નવા ચેહરાઓ એ લઈ લીધી છે. •

# પૂનમ સિન્હા કેટલીવાર નાની બનશે?

બોલિવૂડના એક કાર્યક્રમમાં જ્યારે સોનાક્ષી સિન્હા રેડ આઉટ ફીટમાં દેખાઈ હતી ત્યારે જોનારને તે સગર્ભા છે એવું લાગ્યું હતું. ઘણાને એવું લાગ્યું હતું કે તે હાથથી પોતાનું બેબી બમ્પ છુપાવવાનો પ્રયત્ન કરી રહી છે. એટલે ત્યારે એ અફવા ફેલાઈ ગઈ કે સોનાક્ષીને સારા દિવસો ચાલે છે. પરંતુ, ત્યાર બાદ સોનાક્ષી અને ઝહિર ઈકબાલ બંને એ પાછળથી આ અફવાઓને હસી કાઢી અને હવે સોનાક્ષીની માતા પૂનમ સિન્હા એ પણ આવી અટકળો પર પ્રતિક્રિયા આપી છે.

એક વાતચીત દરમિયાન પૂનમ સિન્હા જ્યારે સોનાક્ષીનો જન્મ થયો તે ક્ષણને યાદ કરતા કહે છે કે, તે અમારા માટે જીવનની સૌથી સુંદર ક્ષણ હતી જ્યારે અમારા ઘરે પુત્રીનો જન્મ થયો. પૂનમે સોનાક્ષીની પ્રેગનન્સીની અફવાઓ પર પ્રતિક્રિયા આપતા જણાવ્યું કે, ખબર નથી પડતી કે મીડિયા મને કેટલી વાર નાની બનાવી ચુકી છે. ચાલો, મને તે ખુશી પણ મળશે. ઝહિર અને સોનાક્ષી એ સાત વર્ષ સુધી એકબીજાને ડેટ કર્યા પછી લગ્ન કર્યા. ત્યારબાદ ફિલ્મ ઉદ્યોગના મિત્રો માટે ભવ્ય રીસેપ્શાનનું આયોજન પણ કર્યું હતું.



ગયા વર્ષે જ્યારે સોનાક્ષી ગર્ભવતી હોવાની અફવા ફેલાઈ હતી ત્યારે તેને ઈન્સ્ટાગ્રામ પર તેની કેટલીક તસ્વીરો શેર કરી અને ખોટી અફવાઓ ઉડતી અટકાવવા માટે સાથે એક રમુજી નોંધ પણ લખી કે પેટ પર હાથ રાખીને પોઝ આપવાને કારણે માનવ ઈતિહાસમાં સૌથી વધારે લાંબા સમય માટે પ્રેગનન્સી રાખનાર. (આપણી પ્રેમાળ અને બુદ્ધિશાળી મીડિયાના કારણે ૧૬ મહિના અને હજી તે ગણતરી ચાલુ છે.) આના માટે અમારી પ્રતિક્રિયા શું છે તે જાણવા માટે સ્ક્રોલ કરો....અને પછી આ દિવાળી પર ખુશી મનાવો. અગાઉ ઝહીરે પણ આ અફવાને લઈને રમૂજ કરી હતી. એક પાર્ટીમાં ફોટોગ્રાફર્સ માટે સોલો પોઝ માટે જ્યારે સોનાક્ષી આગળ આવે છે ત્યારે ઝહિર આ અફવાઓને વધુ જોર આપવા માટે સોનાક્ષીના પેટ પર હાથ મુકીને બોલે છે ‘સંભાળીને’ ત્યારબાદ, તે ફોટોગ્રાફર્સને સ્પષ્ટતા કરે છે કે તે ફક્ત રમૂજ હતી. સોશિયલ મીડિયા પર સોનાક્ષી અને ઝહિર બંને એક્ટિવ છે અને તેમની મોજ મસ્તીની પળો શેર કરતા રહે છે. •

**બોલિવ્લોગ વિથ પૅપ**



# અભિષેકને ઐશ્વર્યા સાથે ચાલતા ડર લાગે છે!

બોલિવૂડ અભિનેત્રી ઐશ્વર્યા રાય જ્યારે રેડ કાર્પેટ પર ચાલે છે ત્યારે તે બધાનું ધ્યાન ખેંચે છે. લોકો સહજતા થી તેની તરફ આકર્ષાય છે. પરંતુ, તેના પતિ અભિષેક બચ્ચન માટે ઐશ્વર્યા સાથે રેડ કાર્પેટ પર ચાલવું ઘણું મુશ્કેલ છે. તેને ઐશ્વર્યા સાથે રેડ કાર્પેટ પર ચલવાવામાં ઘણો ડર લાગે છે. હાઈ પ્રોફાઈલ ઈવેન્ટમાં તે અસ્વસ્થતા અનુભવે છે. અભિષેક જણાવે છે કે, તમે ક્યારેય મારી પત્નીને રેડ કાર્પેટ પર ચાલતા જોઈ છે? તેની સાથે રેડ કાર્પેટ પર ચાલવું મારા માટે અત્યંત ભયાનક બાબત છે. તે ઘણી પ્રોફેશનલ છે અને તે તેમાં ખૂબ સારી છે. હું લોખંડના થાંભલાની જેમ ત્યાં ઊભો રહી જાઉં છું. મને ખબર નથી હોતી કે શું કરવું? મારે મારા હાથ ખિસ્સામાં રાખવા જોઈએ કે નહીં? હું અવ્યવસ્થિત લાગુ છે તેથી ફોટોગ્રાફર્સ મને હંમેશા કહેતા હોય છે કે ‘પ્લીઝ એક સ્માઈલ આપો.’ અભિષેક આવી એક ઘટના યાદ કરે છે કે જેમાં તેના ગભરાટ ને ગુસ્સો સમજી લેવામાં આવ્યો હતો. આવી જ એક ઘટના વખતે ફોટોગ્રાફર્સ એ તેને પૂછ્યું હતું કે, સર, અમે શી ભૂલ કરી છે? તમે આટલા ગુસ્સામાં કેમ દેખાઓ છો? ત્યારે મેં સામેથી માફી માંગીને પરિસ્થિતિ સામાન્ય કરવાનો પ્રયત્ન કર્યો હતો. અભિષેકની આવનારી ફિલ્મ ‘કિંગ’માં સુહાના ખાન, દીપિકા પાદુકોણ, રાઘવ જુયાલ, સુરભ શુક્લા અને જયદીપ અહલાવત પણ છે. આ ફિલ્મ ડિસેમ્બર ૨૦૨૬ માં રીલીઝ થશે. •

# કૈલાશ ખેર | લકીર કા ફકીર નથી

ગાયક કૈલાશ ખેર તેના અગાઉના એક ઈન્ટરવ્યુ કે જેમાં તેની ટીપ્પણીઓ અને અભિવ્યક્તિઓ વ્યાપકપણે ઓનલાઈન પ્રસારિત થઈ હતી તેના પર આધારિત વાઈરલ મીમ નો જવાબ આપે છે. આ મીમમાં કૈલાશ ખેરે ઉપયોગ કરેલા રૂઢી પ્રયોગ ‘લકીર કે ફકીર’ તેને લઈને રમૂજ કરવામાં આવી છે અને તે મીમ સોશિયલ મીડિયા પર ઘણી લોકપ્રિય થઈ છે.

પોતાના ઈન્ટરવ્યુ વિશે યાદ કરતા કૈલાશ ખેર જણાવે છે કે તેની વાતો કે અભિવ્યક્તિઓ ઊંડા સાંસ્કૃતિક દષ્ટિકોણમાંથી જન્મે છે. તે કહે છે કે, મારો મુદ્દો એ હતો કે લોકોને ‘તમે કેમ છો?’ એમ સવાલ પૂછો છો પણ તે કેટલો વાહિયાત સવાલ છે. સામેની વ્યક્તિ પણ પોપટની જેમ ‘મજામાં’ એમ કહી દે છે. આપણી સંસ્કૃતિ અનુસાર આપણે લોકોને પ્રણામ અથવા નમસ્કાર કરીને અભિવાદન કરીએ છીએ અને વાત ત્યાં જ પૂરી થઈ જાય છે. ‘કેમ છો? ‘ જેવા સવાલ એ વ્યર્થ વાતચીત છે, એ વાત કરવા માટે ફરજ પડે છે. રોજીંદી ક્રિયા-પ્રતિક્રિયા યાંત્રિક બની જાય છે, સમય જતા તે પ્રમાણિકતા ગુમાવી દે છે.

“એક આધ્યાત્મિક વ્યક્તિ હોવાને કારણે મારી અભિવ્યક્તિઓ જરૂર કરતા વધારે ગંભીર હોય છે અને લોકો તે બાબત પકડી લઈને મને લક્ષ્ય બનાવે છે અને સોશિયલ મીડિયા પર થતી કમેન્ટ્સ કે મીમને હેન્ડલ કરવાનું શીખી લીધું છે અને ખેર તેના વાઈરલ થયેલા શબ્દોનું પુનરાવર્તન કરતા કહે છે કે લગભગ અડધી દુનિયા લકીર કે ફકીર બની ગઈ છે અને એ રીતે જ જીવન વિતાવે છે. ઘણી ઓછી વ્યક્તિઓમાં સ્વ-જાગૃતિ આવે છે. પરંતુ, હું હવે ઈન્ટરનેટ પર બધાની સાથે હસતા અને એન્જોય કરતા શીખી ગયો છું.



‘લકીર કે ફકીર’ આ વાક્ય એવી વ્યક્તિઓ માટે વપરાય છે જે સેટ પેટર્નને સવાલ પૂછ્યા વિના અનુસરતી હોય. કૈલાશ ખેર ફિલ્મ ઉદ્યોગમાં ગાયકોમાં અગ્રણી વ્યક્તિ છે. તેમનો આ પ્રતિભાવ સૂચવે છે કે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ આજે વાઈરલ ટ્રેન્ડ કે જેમાં તેમણે જીવન વિષે ગંભીર પ્રતિક્રિયાઓ આપી હોય અને તેને ક્યાં લઈ જાય છે. •